ગાંધીનગર સમાચાર

# મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ખાતે સનદી સેવામાં જોડાવા માટે વર્ગો શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સનદી સેવાઓમાં જોડાવા માટે લેવામાં આવતી પરીક્ષાની તૈયારી માટેના પ્રશિક્ષણ વર્ગોનો પ્રારંભ આગામી માસથી કરવામાં આવી રહ્યો છે. આ વર્ગોમાં જોડાવા માટે ધોરણ-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર, સેકટર-૨૩ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે મંડળ સંચાલિત શાળાઓમાં ધોરણ-૬ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે યુપીએસસી દ્વારા લેવાતી સનદી સેવાઓ (આઈએએસ, આઈપીએસ, આઈએફએસ, આઈઆરએસ)ની પરીક્ષાના પ્રશિક્ષણ વર્ગો દર શનિવાર અને રવિવારે ક્રમશઃ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં શરૂ કરવાનું આયોજન છે. આ વર્ગો શ્રી માણેકલાલ એમ પટેલ આઈએએસ સેન્ટર ફોર સ્કુલ્સ દ્વારા અને મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના માર્ગદર્શન હેઠળ ચલાવવાનું આયોજન કરાયું છે.

આ પ્રશિક્ષણ વર્ગો માટેની પ્રવેશ પરીક્ષા સંભવતઃ ૧૭ નવેમ્બર,૨૦૧૯ ને રવિવારના રોજ લેવાની વિચારણા કરવામાં આવી છે. આ પ્રવેશ પરીક્ષાના ફોર્મ મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટર, સર્વવિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતેથી સવારે ૧૦:૩૦ થી સાંજે ૬ સુધીમાં પ્રાપ્ત થઈ શકશે. ભરેલાં ફોર્મ તા.૨૪મી ઓકટોબર,૨૦૧૯ સુધીમાં સંસ્થાને પરત કરવાનાં રહેશે.

વધુ વિગતો માટે સેન્ટરનો સંપર્ક(ફોન-૨૩૨૪૮૦૦૮) કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.



કડી સર્વ વિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા ચેસની સ્પર્ધા યોજવામાં આવી હતી. ૧૮ કૉલેજના ૯૦ વિદ્યાર્થીઓ અને ૧૧ કૉલેજની ૫૫ વિદ્યાર્થિનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધ હતો. ભાઈઓના વિભાગમાં અનુક્રમે રૂદ્ર પાઠક, વિશાળ ભારતી, સંજય લોઢ, તૃષિલ પટેલ, કૌશલ પટેલ અને બહેનોના વિભાગમાં અનુક્રમે રીતિકા પટેલ, રિદ્ધિ જોષી, કેના પટેલ, હીરવા ભગર, ઉર્વશી રાવલ વિજેતા બન્યા હતાં. આ તમામ વિજેતાઓની પસંદગી વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

સમગ્ર ટુર્નામૅન્ટનું આયોજન અને સંચાલન ફિઝિકલ ઍજ્યુકેશનના ડિરેક્ટર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. નૌરીન વૈપન્ના અને પ્રૉ. હરીશ વનાર દ્વારા કરવામાં આવ્યું હતું. ધર્મેન્દ્રભાઈ પંડ્યાએ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

## આરાધના વિદ્યાવિહાર ખાતે ઍસવીઍસ કક્ષાનો કલા ઉત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા કલા ઉત્સવનું આયોજન ગાંધી જયંતિ નિમિત્તે કરવામાં આવ્યું હતું.

આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે ઍસવીઍસ કક્ષાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની ચિત્ર, નિબંધ, વકતૃત્વ અને કાવ્યલેખનની સ્પર્ધા યોજવામાં આવી હતી. ક્યુડીસીની ૭ શાળાઓના ૫૬ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નીરીક્ષક હિમાંશુભાઈ પટેલ, યજમાન સંસ્થાના ચૅરમૅન રમણભાઈ પટેલ, આચાર્ય વિષ્ણુભાઈ પટેલ અને વસંતભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# ‘બાળુડા’ દ્વારા તૈયાર કરાયેલા દીવડાની અધિકારીઓને ભેટ







દિપાવલી પર્વ માટે દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલાં કોડિયાંની શુભેચ્છારૂપે ભેટ સરકારી અધિકારીઓને આપવામાં આવી હતી. કલોલ તાલુકા સ્પેશિયલ ઍજ્યુકેશન રિસોર્સ રૂમ દ્વારા પોતાની નિયમિત પ્રવૃત્તિ અંતર્ગત આ કોડિયાં વિશિષ્ટ બાળકો દ્વારા તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. દિવ્યાંગ બાળકો, તેમનાં વાલીઓ, વિશિષ્ટ શિક્ષક મીનલબેન, રોહિતભાઈ, રવીન્દ્રભાઈ, પૌરીનભાઈ (માણસા), બીઆરસી કો-ઓર્ડિનેટર રાજેશભાઈ મોદી અને આઈઆઈડી કો-ઓર્ડિનેટર પ્રતિમાબેન યાદવે સાથે મળીને સમગ્ર શિક્ષા અભિયાન કચેરીનાં વડા ઍસપીડી પી ભારતી, એઍસપીડી જયશ્રીબેન દેવાંગન, સચિવ પી કે ત્રિવેદી, જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વાઢેર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિને આ કોડિયાં અર્પણ કરી દિપાવલી પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

## માનવ સંસાધન વિકાસ મંત્રાલયના રાજભાષા પ્રભાગ દ્વારા આઈઆઈટી ગાંધીનગર ખાતે રાજભાષા સંગોષ્ઠિનો આરંભ



ગાંધીનગર, તા. ૧૧

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના રાજભાષા પ્રભાગ દ્વારા આયોજિત બે દિવસીય ક્ષેત્રીય રાજભાષા સંગોષ્ઠિનું ઉદ્‌ઘાટન આઈઆઈટી ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે આઈઆઈટી, ગાંધીનગરના ડિરેક્ટર પ્રૉ. સુધીર કુમાર, મુખ્ય અતિથિ તરીકે મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિન્દી વિશ્વવિદ્યાલય, વર્ધાના કુલપતિ પ્રૉ. રજનીશકુમાર શુક્લ અને અતિથિ વિશેષ તરીકે કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગ્રાના ડિરેક્ટર પ્રૉ. નન્દકિશોર પાંડેય તથા રાજભાષા પ્રભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલયસ ભારત સરકારનાં ડિરેક્ટર સુનીતિ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન સત્ર બાદ ત્રણ સત્રોનું આયોજન પણ પ્રથમ દિવસે કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રનો વિષય ‘સરકારની રાજભાષા નીતિ’, બીજા સત્રનો વિષય ‘સંસદીય રાજભાષા સમિતિની નિરીક્ષણ પ્રશ્નાવલિ પર ચર્ચા’ અને ત્રીજા સત્રનો વિષય ‘વૈશ્વિ પરિદ્રશ્યમાં હિંદીની સ્થિતિ’ રાખવામાં આવ્યો હતો. સત્રોનું સંચાલન કેન્દ્રી હિન્દી સંસ્થાનના પ્રાધ્યાપક અનુપમ શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસના અંત ભાગમાં નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા અંબાપુર વાવની સફાઈ





ઉમિયા કૉલેજ, સોલાના ઍનઍસઍસ એકમની ૧૦૦ સ્વયંસેવક બહેનો દ્વારા શ્રી ગજાનન સેવા સમિતિની સાથે રહી અંબાપુર સ્થિત વાવની સફાઈ કરવામાં આવી હતી.

ઉમિયા મહિલા કૉલેજનાં આચાર્ય ડૉ. સંગીતા ઘાટેની આગેવાનીમાં આ સફાઈકાર્ય વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપક મનીષભાઈએ વિદ્યાર્થિનીઓ સાથે રહી વાવ ઉપરાંત અંબે માતા મંદિરની સફાઈ પણ સંપન્ન કરાવી હતી. ગજાનન સેવા સમિતિ તરફથી મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં સહભાગી રહ્યા હતા.

## ઓમ કમ્યુનિકેશન દ્વારા અમદાવાદમાં મંગળવારે સાહિત્યિક કાર્યક્રમ યોજાશે



કવિ, નલકથાકાર, પત્રકાર શેખાદમ આબુવાલાના ૯૧મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન ‘સોનેરી લટ’નું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ૧૫મી ઑક્ટોબર ને મંગળવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે મિલ ઓનર્સ બિલ્ડીંગ ઓડિટોરિયમ, આત્મા હોલ, સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નલકથાકાર, પત્રકાર શેખાદમ આબુવાલાના ૯૧મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન ‘સોનેરી લટ’નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રારંભમાં રીટા દવે અને વિપુલ આચાર્ય શેખાદમ આબુવાલાની ગઝલોની સંગીતમય પ્રસ્તુતિ કરશે. અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. શેખાદમની કાવ્યસૃષ્ટિ વિશે રશીદ મીર અને શેખાદમની નવલકથાઓ વિશે કેશુભાઈ દેસાઈ વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’ દ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમને માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. સાહિત્યના સૌ ભાવકો-ચાહકોને ઉપસ્થિત રહી કાર્યક્રમ માણવા આયોજકો તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# પરીક્ષાના પરિણામનું વિચારી સ્ટ્રેસ અનુભવું છું, શું કરવું ?

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર’ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું એમ.કોમ માં અભ્યાસ કરું છું.હુ સી.એ.પી.એફ ની પરીક્ષા આપવા ઈચ્છું છું.તો એના વિષે માહિતી આપશો.**

**- હરીશ, ગાંધીનગર**

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ) એ ગૃહ મંત્રાલયના અધિકાર હેઠળ ભારતમાં સાત સુરક્ષા દળોના સમાન નામકરણનો સંદર્ભ આપે છે. તેઓ આસામ રાઈફલ્સ (એઆર), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી), ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) અને સશસ્ત્રસીમા બાલ (એસએસબી).આ જે જગ્યાઓ છે એ મુખ્યત્વે ૩ પ્રકારે ભરવામાં



આવે છે. એક છે ગેઝેટેડ અધિકારી જે યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવતી સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (સહાયક કમાન્ડન્ટ્સ) ની પરીક્ષા દ્વારા સીએપીએફમાં અધિકારીઓની ભરતી કરવામાં આવે છે.બીજુ છે સબઓર્ડિનેટ ઓફિસર જે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પેટા નિરીક્ષકોની ભરતી કરવામાં આવે છે અને તેઓને ડીએસઓ (સીધા નિમણૂક કરેલા સબઓર્ડિનેટ અધિકારીઓ) તરીકે ઓળખવામાં આવે છે.અને ત્રીજી જગ્યા છે કોન્સટેબલ માટે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.હવે જો આ બધા માટે લેવામાં આવતી પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા સ્નાતક કક્ષા ના વિદ્યાર્થીઓઆપી શકે છે.૨૦ થી ૨૫ વર્ષ સુધી ના વિદ્યાર્થીઓ આ માટે લાયક ઉમેદવાર છે.એ માટે તમે ઓનલાઈન ફોર્મ થકી આપ ઉમેદવારી નોંધાવી શકો છો. આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં થાય છે.પ્રથમ તબક્કા માં ઓબ્જેકિટવ રૂપે જનરલ એબીલીટી અને સામાન્ય જ્ઞાન ના પ્રશ્નો પુછવામાં આવે છે.બીજા તબક્કા માં આપનું મેડિકલ અને ફિઝિકલ ચેકિંગ થાય છે.અને છેલ્લે ઈન્ટરવ્યુ થકી ભરતી કરવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. હું ધોરણ ૧૨ આર્ટ્સમાં અભ્યાસ કરું છું.૧૨ પછી મારા માટે કારકિર્દીના કયા વિકલ્પ છે એ વિષે માહિતી આપશો.**

**- ધ્વનિ મહેતા, ગાંધીનગર**

ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે



વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરર્ફોમિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો. બીજો મહ્‌ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ., એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો.જે આપ એન.એલ.યુ એટ્‌લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો.અન્ય વિકલ્પ ની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા મિડિયામાં પણ જઈ શકો છો.જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્ર માં જવા માંગતા હોય તો. એ માટે આપ એન. સી. એચ. એમ. સી. ટી. જે. ઈ. ઈ.ની પરીક્ષા આપી આઈ.એચ.એમ. જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્‌મીશન લઈ શકો છો.આ સિવાય અન્ય એક વિકલ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ. એલ. એ. એમ. ઈ. અને ગાંધીનગર સ્થિત પી. ડી. પી. યુ. જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. હું હાલ ગુજરાત સરકાર ની અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છું.આવતા અઠવાડિયે મારી પરીક્ષા છે.પણ પરિણામ ચિંતાના કારણે સ્ટ્રેસ અનુભવું છું અને કારણ વગર ગુસ્સે પણ થઈ જવું છું. યોગ્ય માર્ગદર્શન આપશો.**

**- સ્મિત ચૌધરી, સુરત**

સ્મિત, પરિણામ તમારા માટે જરૂરી છે. પણ સ્ટ્રેસ માત્ર પરિણામ ના લીધે નહીં પણ કોઈ પણ કારણસર ના થવું જોઈએ. કદાચ તમારે પોતાના સમયને સાચી દિશામાં વાપરવાની જરૂર



છે. સમયનો સદુપયોગ એ તમારી સમસ્યાનું નિરાકરણ હોઈ શકે છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર ‘ટુ-ડુ લિસ્ટ‘ બનાવો.સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો.જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. હવે જ્યારે તમારી પરીક્ષા નજીક છે તો ખાસ ધ્યાન રાખજો કે તમને કોઈ પણ પ્રકારનું સ્ટ્રેસ થાય નહી. જે તમારે વાંચવાનું હતું તે તમે વાંચી ચૂક્યા છો. હવે તમે જે તમને ફાવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. નવી-નવી વસ્તુઓ કે નવા-નવા વિષયો હવે શીખવાની લગભગ જરૂર નથી. જૂના પેપર્સ જોઈને તેની પ્રેક્ટિસ કરો. જેટલું બને તેટલું શિખેલી વસ્તુઓનું રિવિઝન કરો. આમ કરવા થી તમારું પરિણામ ચોક્કસપણે સુધરશે. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે તે દિવસનું નક્કી કરેલું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માનીને વાંચતા રહેવું. આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. આપ ચિંતા કર્યા વગર શાંત દિમાગથી તૈયારી કરો. સફળતા જરૂર મળશે.અને રહી વાત ગુસ્સા ની તો યાદ રાખો કે ગુસ્સો ક્યારેય કોઈ સમસ્યા નો ઉકેલ બનેલ નથી.ઉલટા નું તેનાથી પરિણામ પર નકારાત્મક અસર થઈ શકે છે.જો આપ પરિણામ પ્રત્યે હકારાત્મક વિચાર રાખસો તો ચોક્કસ ગુસ્સા ઉપર કંટ્રોલ રાખી શકશો. ઓલ ધ બેસ્ટ! આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલઃquestions.career corner@ mail.com

વોટ્સએપ નંબરઃ ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુકઃ www. facebook.com/ questions.careercroner